# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૧

સલામી સવારની..

ખોટા નવાઝ થાય છે 'શરીફ', સેનાનું જ ચાલે છે,
પાકિસ્તાનમાં માત્ર કોમી કટ્ટરવાદ જ ચાલે છે,
ચાલે છે નામની 'લોકશાહી' માત્ર દંભનું નાટક -
ન્યાયાધીશોની ધાકે જ આખું ય રાજતંત્ર ચાલે છે
(પાક.ની નાપાક પરિસ્થિતિ)

હાઇકુ

થાય અદૃશ્ય!
ન ધારે તો હાજર -
કે.લાલ પાંડે!!
(પોલીસ સરંક્ષણ)

માત્ર 'હું' ને 'હું'
પ્રચારે 'નઇ સોચ'
નઇ ઉમ્મીદ!!
(સૌનો સાથ, મારો વિકાસ)

## ચિંતન

**સર્વૌષધીનામમૃતા પ્રધાના સર્વેષુ સૌખ્યષ્વશનં પ્રધાનમ્ ।**
**સર્વેન્દ્રિયાણાં નયનં પ્રધાનં સર્વેષુ ગાત્રેષુ શિરઃ પ્રધાનમ્ ॥**

ઘણીવાર વાલીજનો બાળકને મૂંઝવણમાં મૂકવા (માતા-પિતાની હાજરીમાં જ) પ્રશ્ન પૂછતાં હોય છે તને વધારે કોણ ગમે-મમ્મી કે પપ્પા?

ઘણી વાર કઇ ઋતુ વધારે ગમે? આવા પ્રશ્નોમાંથી વિકટ રીતે ઉદ્ભવતા પ્રશ્નોનો ચાણક્યનીતિમાં ઉકેલ આપ્યો છેઃ

બધા પ્રકારની ઔષધીઓમાંથી શ્રેષ્ઠ ઔષધ કયું? જવાબ છે - અમૃત

સુખ આપનારાં બધાં જ સાધનોમાંથી સૌથી શ્રેષ્ઠ સુખ આપનાર સાધન શું? જવાબ છે - ભોજન, ભૂખ તૃપ્તિથી 'સુખ' - સંતોષ મળે છે.

મનુષ્યની બધી જ ઇન્દ્રિયોમાંથી સર્વશ્રેષ્ઠ ઇન્દ્રિ કઇ? જવાબ છે આંખ સંપૂર્ણ શરીરને સહાય રૂપ છે. દૃષ્ટિ અને જ્ઞાન માટે શ્રેષ્ઠ છે.

- અને મનુષ્યના શરીરનાં બધા અંગોમાંથી સૌથી શ્રેષ્ઠ અંગ કહ્યું? - જવાબ છે મસ્તક.

મસ્તકમાં ભાન-સમજશક્તિ-વિચારશક્તિ-કલ્પનાશક્તિ અને આખાય શરીરને સંકેતો આપી સંચાલન કરતું 'મગજ' છે તેથી મસ્તક શ્રેષ્ઠ અંગ કહ્યું છે...

## સુવિચાર

- અમૃતની વર્ષા તો સતત થયા કરે છે, આપણે જ આપણું પાત્ર ઊંધું રાખીને બેઠા હોઇએ તો કોઇ શું કરી શકે **- સાર સૂત્ર**
- સર્વ સમર્પિત કરનારને બધું મળે... માયા-મમતા ત્યાગનારને પ્રભુ મળે- **જન કલ્યાણ**
- સંબંધમાં પડી જાય તે એકાદી તડ... બની જાય જીવન પછી સાવ ઉજ્જડ- **રોહિત શાહ**
- સાચા સંબંધો માણસને જીવાડે છે પણ કાચા સંબંધો માણસને ડૂબાડે છે **- ધર્મસૂત્ર**
- તમને નહીં ભાવતી વસ્તુ મોઢું હસતું રાખીને જે ચૂપચાપ ખાઇ લેતા શીખવે તેનું નામ સંસ્કાર **- શાહબુદ્દીન રાઠોડ**
- પૃથ્વી, નદી, આકાશ, હવા, સૂર્ય, ચંદ્ર વગેરે પાસેથી કંઇક શીખવા જેવું છે જ... માત્ર આપણો માંહ્યલો સંવેદનશીલ હોય તો **- સચ્ચિદાનંદજી**
- થઇ ગયેલી દુઃખદ વાત પર રોદણાં રોનાર વર્તમાનમાં થઇ રહેલી આનંદદાયક ઘટનાઓ અનુભવ ગુમાવી દે છે.. અને આવી ઘટનાઓની તૈયારી કરવાનું પણ ચૂકી જાય છે **- ભૂપત વડોદરિયા**

## બોધ કથા

જિંદગી અરિસો છે તમે એની સામે સ્મિત કરશો તો એ સ્મિત કરશે એની સામે ઘૂરકાટ **કરશો તો એ પણ સામે ઘૂરકસે - સામાજિક સંબંધોમાં પણ આજ નિયમ છે આઘાત-પ્રત્યાઘાત** તરત મળે છે કોઇના વિશે ખરાબ વિચારો તો સામેની વ્યક્તિના વિચાર-વર્તન પર એવી જ અસર પડે છે. હસો-સ્મિત કરો સામે સ્મિત મળશે જ. શેઠ-નોકર, મિત્રો-સાસુ-વહુ, બધા સંબંધોમાં આ વાત અસર કરે છે.

એક માણસ વિદેશમાં, તદ્દન અજાણ્યો હતો. શહેરના એક બગીચામાં બાંકડે બેસી કુટુંબીજનોને યાદ કરી દુઃખી થતો, ઉદાસ ચહેરે બેઠો હતો.

..ત્યાં અજાણ્યો એક ગોરી ચામડીવાળો વિદેશી આવ્યો એની બાજુમાં બેઠો હેલ્લો-હાય કરી હાથ મેળવ્યા. પોતાનું નામ અને કામ કહ્યા - સામે આ યુવાને પણ પોતાની વાત કરી, પેલો વિદેશી કહે ચાલ કોફી પીવા જશું?

બંને જણાએ સાથે કોફી પીધી રમૂજી ટૂચકા અને પ્રસંગોની આપ-લે થઇ, છૂટા પડતા હતા. ત્યારે યુવાને પૂછ્યું તમે મને મળ્યા આનંદ આવ્યો પણ તમારૂં પ્રયોજન સમજાયું નહીં!

વિદેશી યુવાન કહે હું પણ આ દેશનો નથી પણ ઉદાસી દૂર કરવાનો ઉપાય મને એક અજાણ્યાએ બતાવ્યો. અને હું આપણા જેવા ઉદાસ ચહેરાની ઉદાસી દૂર કરવા સદાય પ્રયત્ન કરૂં છું - તું પણ હવે.. અને યુવાન એને ભેટી પડ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# માણસને બે જાતનાં દુઃખ હોય છે એક જોઇતી વસ્તુ ન મળ્યાનું અને બીજું તે મળી ગયા પછીનું

## (હાસ્ય લેખ)
## ઈતિશ્રી કાર્ડ પુરાણ

- 'હંસ' ગાંધીનગરી

કાર્ડ-પુરાણના અતશ્રી સવારથી જ થઇ ગયા. આજના 'એક્શન પ્લાન' માં મારે આધાર કાર્ડ લેવા જવાનું કામ હતું. સ્કૂલનો વિદ્યાર્થી 'ઉઠ જાગ મુસાફીર ભોર ભઇ' એ કાવ્ય શીખીને વહેલો ઊઠે છે. નોકરીમાં આવે ત્યારે 'ચા ભયી' હોય ત્યાર જાગે. નિવૃત્તિ પછી કેટલાક સુધરે છે અને 'ભોર' ની જગ્યાએ 'બપોર' વાંચીને તે પ્રમાણે ઊઠે. હું મધ્યમમાર્ગી, એટલે ઊઠ્યો ત્યારે 'ભોર' તો વીતી ગઇ હતી. દૂધ લેવા ગયો. દૂધવાળાએ પૂછ્યું : 'સાહેબ, કાર્ડ લાવ્યા છો?' મેં દબાતા અવાજે પૂછ્યું, 'શું દૂધ માટે ય હવે આધાર-કાર્ડ જોઇશે?' એણે હસીને ખુલાસો કર્યો કે છૂટા પૈસાની ઝંઝટ ન થાય તે માટે 'દૂધ-કાર્ડ' શરૂ કર્યું છે. મને એક અફલાતૂન વિચાર આવ્યો કે આપણી રિઝર્વ બેંકે પણ આ પરચુરણની હાડમારી દૂર કરવા દરેક નાગરિકોને એક 'પરચુરણ કાર્ડ' આપી દેવું જોઇએ. તો કેટલાય સ્ટોરની કૂપનો ઘરમાં સ્ટોર થતી અટકે. ખેર, અમે 'દૂધ-કાર્ડ' કઢાવ્યું, ને કાર્ડ પુરાણનાં અથશ્રી થયા.

આધાર-કાર્ડ લેવા નીકળ્યો. રસ્તામાં એક મિત્ર મળી ગયા. પૂછ્યું, 'ક્યાં ચાલ્યા?' મેં જરા સાહિત્યિક ભાષામાં ઉત્તર આપ્યો. 'જિંદગીનો આધાર મેળવવા.' એ સાંભળીને બહુ ગંભીર થઇને કહેવા લાગ્યા. 'આટલી બધી તકલીફ હતી ને મને કહ્યું નહિં? મારૂં ઘર એ તમારૂં જ ઘર છે ને?' મેં ખુલાસો કરતાં એણે કહ્યું : ઓહો! આધાર કાર્ડ? ઘરેથી જમીને નીકળ્યા છો ને?' મને એમનો સવાલ કચેરીમાં ગયા પછી સમજાયો. આધાર કાર્ડ મેળવીને તેના આધારે અન્નનો અધિકાર ભોગવી શકાય. પણ આધાર કાર્ડ લેવા માટે પહેલાં તો એક ટંક જમવાનો ત્યાગ કરો પડે, કારણ કે ત્યાં લાઇનમાં બેથી ત્રણ કલાક (જેવા જેના નશીબ!), ઊભું રહેવું અને પછી બેસી રહેવું પડે છે. આધાર કાર્ડ આપતી કચેરીને અન્યાય ન થાય તે માટે એટલું તો કબૂલ કે, અરજદારોને એકાદ કલાક ઊભા રહ્યા બાદ બાંકડે બેસવાની જગ્યા મળી જાય છે અને ઊભા રહેવા માટે પણ જગ્યાની વ્યવસ્થા સારી છે. શરૂઆતમાં એકાદ કલાક તેઓને બેસવા માટે કોઇ જ આધાર હોતોન થી, કદાચ એટલા માટે કે, જેમ સૌંદર્ય પામતા પહેલાં સૌંદર્ય બનવું પડે તેમ આધાર મેળવતાં પહેલાં નિરાધાર છે તેમ સાબિત કરવું પડે ને! જો કે, આનો મને તો એક આડકતરો ફાયદો એ થયો કે, ઊભા ઊભા વાતો કરવાથી કેટલીક અગત્યની માહિતી પણ માહિતી અધિકારના કાયદા નીચે અરજી કર્યા વિના જ મને મળી ગઇ. દા.ત. આ તપશ્ચર્યાના ફળ સ્વરૂપે તમને લગભગ છએક મહિના પછી આધાર કાર્ડ મળશે તે માહિતી. કોઇ કોઇ વાર્તાઓમાં આવે છે કે, સંતની પ્રસાદી આરોગ્યા પછી નિઃસંતાન દંપતિને નવ મહિના બાદ પુત્રરત્ન (હવેથી 'પુત્રીરત્ન'નાં આશીર્વાદ આપવા સંતોને વિનંતી) ની પ્રાપ્તિ થઇ. તેની તુલનાએ આ તપશ્ચર્યા થોડા ઓછા મહિને ફળની પ્રાપ્તિ કરાવે. સરકાર જાત જાતનાં અધિકારો આપતા કાયદાઓ કર્યા છે, શિક્ષણનો અધિકાર, માહિનીનો અધિકાર, અન્નનો અધિકાર. મારા મિત્ર ચંદુ 'ચમચા'ને લાગે છે કે વોટનો અધિકાર કરતાં પ્રજાને વટનાં અધિકારની વધુ જરૂર છે. તેથી સરકારે હવે વટથી જીવવાના અધિકારનો ય કાયદો બનાવે તો કેવું સારૂં? બધા નાગરિકો વટથી લાઇનમાં ઊભા રહી શકે, રસ્તા ઉપર વટથી રખડતા ઢોર, બાઇક અને ચેઇન સ્નેચરોની માફક વટથી રખડી શકે. જો જો, એ માટે વળી જુદું 'વટકાર્ડ' દાખલ ન થવું જોઇએ. આ વોટર્સ કાર્ડ કઢાવવા આમ તો મેં ભગીરથ પ્રયત્ને એટલે સાત ધક્કાએ સફળતા મેળવી હતી. (ઓ લીમકા બુક વાળા! ક્યાં છો તમે?) માણસને બે જાતનાં દુઃખ હોય છે એક જોઇતી વસ્તુ ન મળ્યાનું અને બીજું તે મળી ગયા પછીનું. આ મળી ગયા પછીનાં દુખોની યાદી. એક તો, મળી ગયેલી વસ્તુ કોઇ છીનવી ન જાય તેનું દુઃખ, બીજું તેવી જ વસ્તુ તમારો પાડોશી પણ લઇ આવે તે જોવાનું દુઃખ અને ત્રીજું તે વસ્તુ લાવ્યા પછી 'ખેતર ખોવાય ત્યારે મળે' (કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટની એક કાવ્યપંક્તિ) ની જેમ, જે હેતુનું બાળમરણ થઇ ગયા પછી તે વસ્તુને ક્યાં નાખવી તેનું દુઃખ, પણ આ વોટર્સ કાર્ડ મળ્યા પછી મને એક નવા જ દુઃખોનો અનુભવ થયો. એમાં બહુ ઓછી છાપભૂલો હતી. આગલા અનુભવે એક ભૂલ દીઠ ત્રણ, એમ બે ભૂલ દીઠ છ ધક્કા ફરી ખાવાનું દુઃખ આવી પડ્યું, તે યાદ આવતાં હું એટલો બધો દુઃખી દુઃખી થઇ ગયો કે, હું અભાનપણે 'કબીરા દુઃખીયા સબ સંસાર' પંક્તિએ ગણગણવા લાગ્યો. મારી બાજુમાં ઊભેલા એક કાકાએ મારા ખભા ઉપર હાથ મૂકીને મને સાંત્વના આપી. લાઇનમાં ઊભા ઊભા મને સરકાર કયા કયા નવા નવા કાર્ડ બહાર પાડી શકે તે માટેનાં ઘણાં ક્રાંતિકારી વિચારો આવ્યા. જેમ કે જે રાજય પ્રજાને સસ્તી ઇડલીનો અધિકાર છે, તેઓને 'ઇડલી કાર્ડ' બહાર પાડવા જોઇએ, તો જે રાજય પ્રજાને વારંવાર નવા નવા ઉત્સવોમાં ભાગ લેવાનો અધિકાર આપે છે, તે રાજયે 'ઉત્સવ કાર્ડ' બહાર પાડવો જોઇએ, જે રાજયમાં સસ્તા ભાવે જમવાનું મળતું હોય, તે રાજય 'ડાયનિંગ કાર્ડ' બહાર પાડી શકે, જેમાં સિલ્વર, ગોલ્ડન અને પ્લેટીનમ એમ ત્રણ કાર્ડ હોઇ શકે, જેના વડે, ગરીબ, મધ્યમ અને શ્રીમંત નાગરિક અનુક્રમે રૂા. એક, પાંચ અને બારમાં જમી શકે.


આધાર કાર્ડનું કામ પતાવીને ઘરે આવ્યો. અખબાર વાંચવા બેઠો. એક સમાચારની હેડલાઇન્સમાં એક નવું કાર્ડ દોડતું આવ્યું. હેલ્પલાઇન કહેતી હતી : 'સાદા રેશન કાર્ડની જગ્યાએ બારકોડેડ રેશન કાર્ડ સૌએ જલ્દી મેળવી લેવા હિતાવહ.' પહેલાં તો ચિંતા પેઠી કે, આ બાર કોડેડ કાર્ડમાં જડો બાર જેટલા કોડ હશે તો મને યાદ કેમ રહેશે? મેં છાપું ફગાવી ટીવી ચાલું કર્યું. સમાચારની પહેલી જ હેડલાઇન હતી, 'આજ રોજ વડાપ્રધાનશ્રીએ 'વડાપ્રધાન રીપોર્ટ કાર્ડ' રજૂ કર્યું, હું ચોંકી ગયો. અરરર! આ દેશનું શું થવા બેઠું છે? સામાન્ય નાગરીકોએ તો ભલે ગમે તેટલા કાર્ડ કઢાવવા પડે, અરે! પ્રાથમિક શાળાનાં આચાર્યએ 'સ્કૂલ રિપોર્ટ કાર્ડ' ભરવું પડે છે, એનો ય કાંઇ વાંધો નહિ, પણ સન્માનીય વડાપ્રધાન જેઓએ પણ કોઇક કાર્ડ બતાવવું પડે એ તો ગજબ કહેવાય! પછી તો હું સાવ ચિંતામુક્ત થઇ ગયો. જયારે વડાપ્રધાન જેવાએ ય કાર્ડ રજૂ કરવું પડે તો હું તો કયા ખેતરનો મૂળો? મનોમન મેં મારા એ જૂના મિત્રનો આભાર માન્યો કે જેણે મને આજથી કેટલાય વર્ષો પહેલા વર્ગ-૨ની જગ્યાની ભરતી માટેનું અરજીપત્રક ભરાવ્યું હતું, એનાં પ્રતાપે આજે હું ઘરનો રોટલો ખાતો તો થયો છું, જો એણે મને સંસદસભ્યની ચૂંટણીનું ફોર્મ ભરાવ્યું હોય તો મારે પણ કદાચ આ વડાપ્રધાન રીપોર્ટ કાર્ડ રજૂ કરવાની પળોજણ વહોરવી પડત. એ તો ઠીક પણ રોજ-દેશ-પરદેશ ફરવાનું હોય તેમાં ઘરનો રોટલો તો ક્યાંથી નસીબ થાત? ટીવીમાં રેલ્વેની જાહેરાત આવી. સિનિયર સિટીઝન્સનું ડિસ્કાઉન્ટ લેવું હોય તો સિનિયર સિટીઝન્સ કાર્ડ બતાવવું પડશે. વિચાર્યું, વળી આ એક વધારાનું કાર્ડ માટા એકશન પ્લાનમાં ઉમેરવું પડશે. આ તો એકશન પ્લાનમાંથી એકેય મુદ્દો ઓછો તો થતો નથી, ને નવા નવા મુદ્દાઓ ઉમેરાતા જાય છે. બિલકુલ સરકારી એકશન પ્લાન જેવો થઇ ગયો છું. હું પેન્શનર છું, એટલે મારે પેન્શનર કાર્ડ કઢાવવું. હું સિનિયર સિટીઝન છું, એટલે માટે એનું ય કાર્ડ કઢાવવાનું, હું નાગરિક છું, એટલે આધાર કાર્ડ. હું મતદાર છું એટલે વોટર્સ કાર્ડ. હું જમું છું એટલે રેશન કાર્ડ, હું લાઇબ્રેરીનો સભ્ય છું એટલે લાઇબ્રેરી કાર્ડ. મારે મકાન છે એટલે પ્રોપર્ટી કાર્ડ... બાપ રે, કેટલા બધા કાર્ડ! મારા મિત્ર કાંતિ 'કડછા' એ મને કહ્યું : 'સારૂં થયું કે તમે ખેડૂત નથી, નહિ તો તમારે કિસાન ક્રેડિટ કાર્ડ પણ કઢાવવું પડત. તમે એમ.એલ. એ. નથી, નહી તો તમારે એમ. એલ.એ. કાર્ડ પણ કઢાવવું પડત, તમે સરકારી અધિકારી નથી, નહિં તો તમારે સચિવાલયમાં પ્રવેશ માટેનું આઇ ડી કાર્ડ...' મેં એને વચ્ચે જ રોકીને કહ્યું, 'બસ બસ, હું ઘણું ઘણું નથી, એને મને આજે ખૂબ જ આનંદ થાય છે. દા.ત. હું ગધેડો નથી નહિ તો કદાચ આ દેશમાં મારે...' એણે મને અટકાવીને કહ્યું : 'ફલાણી મહાનગરપાલિકાનાં નિયમો પ્રમાણે દરેક રખડતા પ્રાણીનાં માલિકે એનાં પાલતું પ્રાણીનાં ગળામાં એના સરનામાં વાળું કાર્ડ રાખવું ફરજિયાત છે.' પેલા ફિલસૂફે સાચું દીધું : 'આપણી પાસે શું નથી તે નહિ, પણ સું છે તે યાદ રાખવું જોઇએ.' હાશ, મારી પાસે જે નથી એનું કાર્ડ તો રાખવું ટળ્યું, જેમ કે, કલબ મેમ્બરશીપ નથી એટલે એનું કાર્ડ, ક્રેડીટ નથી એટલે 'બેંક ક્રેડિટ કાર્ડ,' કોઇ બિઝનેશ નથી 'બિઝનેશ કાર્ડ.'

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે મુકેલ સમગ્ર દેશમાં રેત-ખનનનો પ્રતિબંધ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી



નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના અધ્યક્ષ જસ્ટીસ સ્વાતંત્રેશ્કુમારે પર્યાવરણ સામે ગંભીર ખતરો પેદા થવાના કારણે તથા દેશની કિંમતી ખનીજ સંપત્તિનો નાશ થવાના કારણે તેમજ નદીના પટમાંથી ગેરહક્કે, ગેરકાયદેસર રીતે ખનીજ સંપત્તિના ચોરીના વધતા પ્રમાણ તથા રેતી માફિયાઓની અબજો રૂપિયાની રેવન્યુ ચોરીને ડામવા માટે તાજેતરમાં જ સમગ્ર દેશમાં નદીના પટમાં પર્યાવરણીય મંજૂરી સિવાય રેત-ખનન સામે પ્રતિબંધ મુકી દીધો છે.

ગેરકાયદેસર રેત ખનનના કારણે દેશની રેવન્યુને કરોડો રૂપિયાનું નુકશાન ભૂમાફીયા તથા રેતીના ગેરકાદયેદસર પરવાના ધરાવતા કરીયરો મારફથ થઇ રહ્યું છે. જેનો આંકડો પણ મળે તેમ નથી તેમજ ઉચ્ચ અધિકારીઓ, રાજકારણીઓની સાંઠગાઠ ના કારણે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે. તેમજ ગુનાહિત પ્રવૃત્તિઓનું ઉદ્ગમસ્થાન આવા ગેરકાયદેસર ખનીજ રેત-ખનન કરતા માફિયાઓ છે.

શરૂઆતમાં આ કાયદો માત્ર યમુના, ગંગા, હિન્દોન તથા ચંબલ ગામેતી નદીની પટ પૂરતી જ મર્યાદિત હતું, પંરતુ બાદમાં આ પ્રતિબંધ આદેશમા ંસુધારો કરીને સમગ્ર રાજય તથા દેશમા ંલાગુ પાડવામાં આવ્યો છે.

નદીના પટમાંતી રેતીના ખનન માટે કેન્દ્રીય પર્યાવરણ અને વન વિભાગમાંથી અગર તો રાજયના સ્ટેટ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસ ઓથોરીટી પાસેથી જરૂરી પરવાનગી મંજૂરી મેળવવાની રહે છે. NGT ની ખંડપીઠે એક નોટિસ બહાર પાડી જણાવ્યું છે તેમજ આદેશાત્મક હુકમ કરેલ છે કે, દેશના કોઇ પણ ભાગમાંથી પર્યાવરણ ડિપાર્ટમેન્ટની તથા ખનીજ ખાતાની પરવાનગી, મંજૂરી મેળવ્યા સિવાય કોઇ પણ, વ્યક્તિ કંપની અથવા ઓથોરીટીની રેત-ખનનની પ્રવૃત્તિને રોક લગાડવામાં આવે છે. આવી પ્રવૃત્તિ સામે પ્રતિબંધ મૂકવામાં આવે છે.

તાજેતરમાં આઇએએસ અધિકારીના ગેરકાયદેસર સસ્પેન્સન માટે દેશભરમાં વિરોધનો વંટોળ ઉભો થવા પામતા NGT એ આવા પ્રકારના અગાઉના આદેશોને વધારે કડક બનાવી હુકમો જારી કરેલ છે.

માત્ર ૧૮ માસમાં જ UP માં ૨૦૦૦ ઉચ્ચ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ભ્રષ્ટાચારે માઝા મુકી છે. તેવા સમયે બેશકિંમતી ખનીજ તત્ત્વો ચોરી કરી કરોડોનો ભ્રષ્ટાચાર આચરનારા સામે ગંભીર પ્રકારના પગલા લેવા NGT ની ખંડપીઠે જણાવ્યું છે. કોલસાકાંડ કરતા પણ રેતખનનની ગેરકાયદેસરની પ્રવૃત્તિ આચરી કરોડોનો ભ્રષ્ટાચાર કરી રાજકીય વગ ધરાવતા અધિકારીઓ સ્થાનિક રાજકારણીઓ સાથે હાથ મિલાવી દેશની કરોડોની રેવન્યુ ચોરી કરી દેશનું નુકશાન કરે છે.

વિકાસની હરણફાળમાં કન્સ્ટ્રકશનના વ્યવસાયમાં વિકાસ થતાં રેતી એ કન્સ્ટ્રકશન માટે પાયાની આવશ્યકત વસ્તુ હોય તેની ચોરી થવી એ સ્વાભાવિક છે તેમ છતાં તંત્ર દ્વારા 'વાડ જ ચીભડા ગળે' તેવી સ્થિતિનું તાજેતરમાં નિર્માણ થયા પામતા NGT ની ખંડપીઠે ટીકાત્મક રીતે આદેશાત્મક હુકમો જારી કરી સમગ્ર દેશમાં રેત-ખનન કરતા માફિયા તત્ત્વોને પાસામાં મુકા જેવા આકરા પગલાં ભરવાનું જણાવી સજા તથા દંડની જોગવાઇમાં સુધારો કરવા માટે ૧૪ ઓગસ્ટ સુધીમાં તંત્ર દ્વારા જવાબ મંગાવવા માટે નોટીસ ઇસ્યુ કરેલ છે.

ગુજરાતમાં પણ મોટા પાયે વિકાસનો પવન ફૂંકાયો હોય રેતીના પટમાંથી ગામડાના નદીની હદમાંથી ગેરકાયદેસર રીતે રેતી ચોરીના બનાવો વધવા પામેલ છે જે માટે ગુજરાત ખાણ ખનીજ વિભાગ તથા કલેકટર કચેરી સંયુક્ત રીતે રેડ પાડી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર રેત-ખનનની પ્રવૃત્તિ થતી અટકાવી કરોડો રૂપિયાનો દંડ ફટકારેલ છે. તથા રેતીના વહન માટે ઉપયોગમાં લેવાતા ટ્રોલી, ટ્રેકટર, ટ્રક જેવા સાધનો જપ્ત કરવામાં આવેલ છે. તેમજ આવી પ્રવૃત્તિ કરતા રેત-ખનન માફિયાને જેલના હવાલે કરવામાં આવેલ છે.

તાજેતરમાં ગાંધીનગરમાં પણ શાહપુર, લાકરોડા, અંબોડ, રાંદેસણ, કોબા, ભાટ જેવા ગામડાની નદીના હદ વિસ્તારમાં થતી ગેરકાયદેસર રેત-ખનનની પ્રવૃત્તિ કમિશ્નરશ્રી ખાણ ખનીજ વિભાગ તથા જીલ્લા કલેકટરશ્રી ખનીજ વિભાગે સંયુક્ત રેડ પાડી મોટા પ્રમાણમાં સાધનો કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

દેશના પર્યાવરણને બચાવવા માટે કુદરતી સંપત્તિના અયોગ્ય ઉપયોગ તથા ચોરી અટકાવવા માટે NGT ની ખંડપીઠે, સમગ્ર દેશમાં પર્યાવરણ, ખાનખનીજ તથા વન વિભાગની રેત-ખનન માટેના ક્લિયરન્સ સર્ટી મેળવ્યા સિવાય રેત-ખનનની પ્રવૃત્તિ સામે પ્રતિબંધ મુકેલ છે.

# લાખો પ્રાણીઓની જાતિમાં માણસ એક એવો જીવ છે જે અગણિત પ્રકારના જીવોને મારીને પોતાના પેટ કરતાં તેની માનસિક વિકૃતિની ભૂખ સંતોષે છે તેમ કહીએ તો ખોટું નથી

## વન્યસૃષ્ટિ પરિચય
## કૂતરાનું માંસ ખાતા લોકો

- હેમંત સુથાર



કૂતરાની પ્રજાતિ કેનાઇન (Canine) શ્વાનકુળમાં વરૂ, શિયાળ, લોંકડી, કૂતરાઓનો સમાવેશ થાય છે. માનવો દ્વારા પાલતું બનાવવામાં આવેલા પ્રાણીઓમાં સહુ પ્રથમ કૂતરાને મુકવું પડે. તે જ રીતે માનવ સાથે અવકાશમાં સહુ પ્રથમ ગયેલ પ્રાણી પણ કૂતરો જ છે. યુધિષ્ઠિર સાથે અંતિમ સ્વર્ગયાત્રામાં પણ કૂતરો જ સાથે હતો. આવા આ કૂતરાઓની વિશ્વમાં ૧૬૪ થી વધુ બ્રીડ છે. જુદા જુદા દેશનાં, કદના, દેખાવના, કૂતરાઓ માણસોનાં વફાદાર સાથી છે. વફાદારીની વાત આવે ત્યારે કૂતરાને યાદ કરવામાં આવે છે. તેજ રીતે લાગણી અને પ્રેમ પ્રદર્શિત કરવામાં પણ તે પાછા પડે તેમ નથી. તેમની સુંઘવાની અને સાંભળવાની શક્તિ તો ગજબની છે. માનવ શરીરમાં રહેલી ગાંઠો કે હૃદયના ધબકારામાં નાની અમથી ચૂક પણ કૂતરાઓ પારખી કાઢે છે. માનવોની સહુથી નજીકનું પ્રાણી જો કોઇ હોય તો તે કૂતરું જ છે.

આપણા ઘરોમાં, શેરીઓ સોસાયટીઓમાં, નગર કે શહેરોમાં ક્યાંક કોઇ સ્થળ એવું નહીં હોય કે જયાં કૂતરાની ઉપસ્થિતિ ન હોય. આલિશાન બંગલાના એર કન્ડીશન્ડ બેડરૂમમાં કે પછી મહામોંઘી કારમાં કૂતરા હાજર હોય છે. કૂતરાઓનું ભસવાનું, કૂતરાઓનું પાછળ પડવાનું કે કરડવાનું આપણાંને ભય પમાડે છે. તેનાથ નારાજ થવા મજબૂર કરે છ. તેમાંય હડકાયા કૂતરાનો આતંક જબ્બરજસ્ત હોય છે. હમણાં હમણાં કૂતરાઓથી થતાં અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. ઘણાં માણસો ઘાયલ થઇ રહ્યા છે. સામે પક્ષે કૂતરાઓ પણ રોડ અકસ્માતમાં મોટા પાયે મરી રહ્યા છે.

કૂતરાઓની સમસ્યાને નિવારવા ઘણાં નગરો - શહેરોમાં પાલિકાઓ પાસે ખાસ તાલીમબદ્ધ સ્ટાફ, વાહનો અને વ્યવસ્થાઓ છે. ઘણે ઠેકાણે કૂતરાના રસીકરણમાં પણ મોટા લક્ષ્યાંકો ભૌતિક અને નાણાંકીય સિદ્ધિ ગણાય છે. શું કૂતરાઓ સમસ્યા જનક છે? કે માનવો વચ્ચે રહેવા લાયક છે? પ્રશ્ન થાય. ફક્ત આપણું જ - માનવોનું જ વિચારવાનું હોય તો જવાબ 'હા' છે અને જીવદયાની વાત કરીએ ત્યારે જવાબ 'ના' માં આવે છે. ઘણાં લોકો ભોજન કરવા બેસે ત્યારે પહેલાં તેમની ભોજન થાળીમાંથી કૂતરાનું ખાવાનું સહુપ્રથમ અલગ કાઢીને જ ખાવાનું શરૂ ખરે છે. ત્યારે કેટલાક લોકો લાકડી લઇને કૂતરું ગયાં જનમનું વેરી હોય તેમ ભરપૂર જુસ્સાભેર અને બદલાવી ભાવનાથી કૂતરાને ક્રૂરતાથી મારતાં પણ નજરે ચઢે છે.

ચીન, કોરિયા, જાપાન, થાઇલેન્ડ, વિયેટનામ, કંમ્બોડિયા, ફિલિપાઇન્સ જેવા દેશોમાં કૂતરાઓનું માંસ ખાવામાં આવે છે. હાલમાં જ ચીનના યુલીન ભાગમાં એક 'ડોગ ફૂડ ફેસ્ટિવલ' યોજાઇ ગયો. એક અઠવાડિયું ચાલેલા આ ડોગ ફુડ ફેસ્ટિવલ દરમિયાન ૧૫૦૦૦ જેટલાં કૂતરાઓ મારીને, કાપીને, ખાઇ જવામાં આવ્યાં હતા. કૂતરાના માંસથી જુદી જુદી વાનગીઓ બનાવવામાં આવી હતી. આ દેશના અને કૂતરાંનું માંસ ખાતા અન્ય દેશોમાં આપણે ત્યાં જે રીતે મરઘાં - બકરાં ઉછેર કરવામાં આવે છે તે રીતે 'કૂતરા ઉછેર' કરવામાં આવે છે જે છેવટે કતલખાનામાં કપાઇ ને ખાવા માટે ઉપયોગમાં લેવાય છે.

મોન્ગોલોઇડ જાતિના માનવો પારંપરિક રીતે પેઢીઓથી કૂતરાઓને ખાય છે. આ ઉપરાંત જંતુઓ, દેડકાઓ, સાપ, ઉંદર જેવા ચિત્ર-વિચિત્ર બધા જ પ્રકારના જીવો ખાવાવાળા લોકોમાં આ જાતિ જાણીતી છે. આપણા ભારત દેશમાં નાગાલેન્ડ અને મિઝોરમ ભાગમાં પણ મોન્ગોલોઇજ જાતિના વંશજો વસે છે અને તેઓ પણ કૂતરાઓને ખાય છે.આ બે રાજયોમાં પડોશી રાજયો મેઘાલય અને આસામમાંથી કૂતરાઓની ચોરી થાય છે. જે ખાવામાં વપરાય છે. સ્થાનિક લોકો પાસેથી ૫૦ રૂપિયામાં કૂતરૂં ખરીદવામાં આવે છે જે ૧૦૦૦ રૂપિયા સુધી બજારમાં વેચાય છે અને કતલખાનામાં કપાયા બાદ માસ ૧૮૦ થી ૨૦૦ રૂપિયે કિલોનાં ભાવે વેચાય છે.

કૂંતરાનું માંસ ગરમ હોય અને તેનાથી કામશક્તિ વધતી હોવાની માન્યતા છે. કૂતરાંનું માંસ ખાવાથી લોહીનું ભ્રમણ વધે છે તેવું ઘણાં ખનારા લોકો માને છે. પરંતુ આસામના વેટરનરી વિભાગના પશુચિકિત્સક પ્રણીતા દેવીના જણાવ્યા પ્રમાણે આ માટે કોઇ આધારભૂત સંશોધન હજુ સુધી થયું નથી.

વિશ્વમાં ઘણે ઠેકાણે પ્રાણી ક્રૂરતા અટકાવવા માટે કાર્ય કરતાં એક્ટિવીસ્ટો કૂતરાઓને ખાવા માટે કરવામાં આવતી હત્યાઓનાં વિરોધમાં કાર્ય કરી રહ્યાં છે. ફિલિપાઇન્સ અને કોરિયા જેવા દેશોમાં તેના સામે પ્રતિબંધ પણ મુકવામાં આવ્યો છે. ભારતીય કાયદો પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ઓફ એનિમલ એક્ટ, ૧૯૬૦ પ્રમાણે પ્રાણીને યોગ્ય પદ્ધતિથી ન મારવું તે ગુનો બને છે. તેનો અર્થ એવો થાય કે તમે પદ્ધતિસર પ્રાણીને મારી શકો.

કૂતરાનું માંસ ખાનારા લોકો એવી પણ દલીલો કરે છે કે જો તમે મરઘાં - બકરાંને મારીને ખાવાનો ગુનો ગણતાં ન હોવ તો કૂતરાને મારવા માટે કેમ વાધો લો છો?

આપણે ત્યાં પ્રાણી ક્રૂરતાના કાયદા હેઠળ ફક્ત ૫૦ રૂપિયા જેટલો દંડ છે. એક પ્રાણીનો જીવ કાયદેસર રીતે ૫૦ રૂપિયામાં લઇ શકાય. આ પૃથ્વી પર કીડીથી લઇને હાથી સુધીનાં લાખો વૈવિધ્યસભર જીવો છે. તે બધામાં માણસને ખાનારો કોઇ જીવ નથી. લાખો પ્રાણીઓની જાતિમાં માણસ એક એવો જીવ છે જે અગણિત પ્રકારના જીવોને મારીને પોટાના પેટ કરતાં તેની માનસિક વિકૃતિની ભૂખ સંતોષે છે તેમ કહીએ તો ખોટું નથી.